15 YEARS OF CELEBRATING THE MAHATMA

G20

# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત- ૩૯૫૦૦૧

૨૬૧-૨૬૬૨૯૦૨ :-suratdeo@gmail.com

જા.નં./મા-૭/૨૦૨૫/2841 તા.૧૯/૦૩/૨૦૨૫.

પ્રતિ,
આચાર્યશ્રી,
સુરત જિલ્લાની નોન-ગ્રાન્ટેડ (સ્વ-નિર્ભર) માધ્યમિક અને ઉચ્ચતર
માધ્યમિક શાળાઓ તમામ.
જિ-સુરત.

વિષય:- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪નાં વિનિયમ ક્રમાંક:-૮ અને ૯માં સુધારો કરવા બાબત.

સંદર્ભ:- ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક:-મશબ/૧૨૨૦/૯૮૩/છ, તા-૧૬/૦૩/૨૦૨૧

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪નાં વિનિયમ ક્રમાંક:-૮ અને ૯માં હાલની જોગવાઈને બદલે આ સાથે સામેલ પત્રક-ચ મુજબ સુધારેલ જોગવાઈ કરવામાં આવેલ છે. જે ઠરાવની નકલ આ સાથે સામેલ છે. જે ધ્યાને લઇ અમલવારી કરવા સારૂ.

બીડાણ:- ઠરાવ

(ડૉ.ભગીરથસિંહ એસ.પરમાર)
જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ-સુરત.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: ૮ અને ૯ માં સુધારો કરવા બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૨૦/૯૮૩/છ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૧૬/૦૩/૨૦૨૧

વંચાણે લીધા:-

(૧) શિક્ષણ વિભાગનો તા.૦૪/૦૮/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:મશ્બ/૧૨૧૧/૮૫૦/છ.
(૨) શિક્ષણ વિભાગનો તા.૨૮/૦૬/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૧૧૮/૭૧૦/છ.
(૩) શિક્ષણ વિભાગનો તા.૧૬/૦૯/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ.
(૪) શિક્ષણ વિભાગનો તા.૧૯/૧૧/૨૦૧૯નો ઠરાવ ક્રમાંક:મશબ/૧૨૧૧/૮૫૦/છ.
(૫) ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ, ગાંધીનગરનો તા.૨૪/૧૨/૨૦૨૦નો પત્ર ક્રમાંક:મઉમશબ/શાનિ/૧૫૪૬૯.

આ મુ ખ:-

શિક્ષણ વિભાગના વંચાણે લીધેલ ક્રમાંક (૧) થી (૪) સામેના ઠરાવોથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક: ૮ અને ૯ માં સુધારા કરવામાં આવેલ હતા. જેના વિનિયમના ક્રમ અને પેટાક્રમમાં ક્ષતિ થયેલ હોવાથી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૫) સામેના પત્રથી હાલની જોગવાઇને બદલે પત્રક-ચ મુજબ સુધારેલી જોગવાઇને મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી..

ઠ રા વ:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ વિનિયમો-૧૯૭૪ના વિનિયમ ક્રમાંક:૮ અને ૯ માં હાલની જોગવાઇને બદલે આ સાથે સામેલ પત્રક-ચ મુજબ સુધારેલી જોગવાઇને આથી મંજૂરી આપવામાં આવે છે.

આ હુકમો સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૯/૦૨/૨૦૨૧ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( બી.પી.મૈદપરા )
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ.

પ્રતિ,

- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, સેક્ટર-૧૦/બી,

Srqlar 309

૯૯૫/૨૨૭/IT
19/03/2021

15231
સહી :-

પત્રક-ચ

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ૮ | ૮(૫) | ૮(૨)(૫)<br>રદ કરવામાં આવે છે. |
| ૨ | ૮ | ૮(૧૩) | ૮(૨)(૧૩)<br>રદ કરવામાં આવે છે. . |
| ૩ | ૮ | ૮(૧૪) | ૮(૨)(૧૪)<br>રદ કરવામાં આવે છે. |
| ૪ | કૌંસમાં આપેલ મથાળુ | બોર્ડે માધ્યમિક શાળાઓનું રજિસ્ટ્રેશન કરવા માટેની કાર્યરીતિ | શાળાને રજિસ્ટર કરવા માટેની કાર્યરીતિ. |
| ૫ | ૯ | (૧)<br>જે મુંબઈ સાર્વજનિક ટ્રસ્ટ ૧૯૫૦ નીચે નોંધાયેલ ટ્રસ્ટ શૈક્ષણિક વર્ષથી શાળાની સ્થાપના કરીને માધ્યમિક શિક્ષણ આપવા માગે તેણે અગાઉના શૈક્ષણિક વર્ષમાં ૩૧મી ઓગષ્ટ અથવા તે પહેલાં ખંડ (૨) માં ઠરાવ્યાં પ્રમાણેના નમૂના-૧ માં બોર્ડને અરજી કરવી જોઇશે અને પછી બોર્ડ ફેબ્રુઆરી મહિનાની ૨૮ મી તારીખે અથવા તે પહેલાં આવી તમામ અરજીઓ અંગે નિર્ણય કરશે. | (૧)<br>સૂચિત શાળાની કાયદેસર રીતે નોંધાયેલું ટ્રસ્ટ (સંચાલક મંડળ) / સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા તેમની સ્થાપના કરીને માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવા માગે તો તે બોર્ડ વખતો વખત નક્કી કરે તે સમય મર્યાદામાં બોર્ડે ઠરાવેલા, નમૂનાના ફોર્મમાં બોર્ડને નિયત કરેલી ફી અને દસ્તાવેજો સાથે ઓનલાઈન અરજી કરશે. નિયત કરેલી ફીનો અસલ ડ્રાફ્ટ અને નમૂનાનું એફિડેવીટ રજીસ્ટર એડી ટપાલથી અથવા રૂબરૂમાં નિયત સમય મર્યાદામાં બોર્ડને પહોંચાડવાનું રહેશે. |
| ૬ | ૯ | (૨)<br>આ વિનિયમના ખંડ (૧) હેઠળની દરેક અરજી, નિયત કરેલ ફી સાથે બોર્ડના સેક્રેટરીને, સ્વીકાર પહોંચ સાથે રજિસ્ટર્ડ ટપાલથી મોકલવી. | (૨)<br>ઓનલાઈન મળેલી અરજીઓનું એકંદર પત્રક સેક્રેટરી કારોબારી સમક્ષ વિચારણા અર્થે રજુ કરશે નિયત કરેલા નોર્મ્સ ધરાવતી દરખાસ્તોને કામચલાઉ મંજુરી આપવામાં આવશે. મંજુરીપત્ર મળ્યા પહેલાં શાળા મંડળ કોઈપણ સંજોગોમાં શાળા શરૂ કરી શકશે નહી. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૭ | ૯ | (૩)<br>"નોંધણી (Registration) માટેની અરજી, બોર્ડ વખતો વખત નક્કી કરે તેવી ફી ચૂકવીને બોર્ડમાંથી મેળવવાના ફોર્મ-૧ માં વિધિસર કરવામાં આવી હશે અને વિનિયમ ૯(૨) માં નિયત કર્યા પ્રમાણે રૂ. ૧,૦૦૦/- અથવા નિયત કરેલ ફી ચૂકવવામાં આવી હશે તો જ વિચારણામાં લેવામાં આવશે." | (૩)<br>કામ ચલાઉ મંજુરી આપ્યા બાદ સામાન્યતઃ છ માસના સમય ગાળામાં નવી શાળાની અરજીની વિગતો અને તે સાથે જોડેલ આધારોનું વેરીફીકેશન કરાવી લેવાનું રહેશે. અરજી પત્રકની કોઈ વિગતો અથવા તે સાથે જોડેલ આધારો પૈકી કોઇ વિગત અથવા આધાર ખોટા હોવાનું અથવા આધારભૂત ન હોવાનું સાબિત થશે તો શાળાને અગાઉ આપેલી કામચલાઉ મંજુરી આપો આપ રદ થયેલી ગણાશે તેની જાણ શાળા મંડળને ઈ-મેઈલ મારફત કરવામાં આવશે. અને તે માટે શાળા મંડળ જવાબદાર રહેશે. |
| ૮ | ૯ | (૪)<br>અરજી મળ્યે સેક્રેટરીએ તેની એક નકલ રિપોર્ટ માટે અધિકારીને તરત રવાના કરવી જોઈશે અને તેમાં જે તારીખે અથવા જે તારીખ પહેલાં અધિકારીના રિપોર્ટ અને ભલામણો બોર્ડની ઓફિસમાં પહોંચશે તે દર્શાવવું જોઈશે. સેક્રેટરીએ યોગ્ય ચકાસણી કર્યા પછી અરજી સહિત અધિકારીના રિપોર્ટ અને ભલામણોને મંજુરી માટે કારોબારી સમિતિ સમક્ષ મૂકવાં જોઈશે. | (૪)<br>દર. વર્ષે ૩૧ મી માર્ચ સુધીમાં ઓનલાઈન અરજી કરનાર શાળામંડળ ત્યાર પછીના તરતના શૈક્ષણિક વર્ષથી શાળા શરૂ કરવા માટે અરજી કરી શકશે. પરંતુ ૩૧ મી માર્ચ બાદ અરજી કરનાર શાળામંડળ ત્યાર પછીના વર્ષના એપ્રિલ માસથી શરૂ થતાં શૈક્ષણિક વર્ષથી શાળા શરૂ કરવા માટે જ અરજી કરવા હકદાર રહેશે. |
| ૯ | ૯ | (૫)<br>ખંડ (૪) હેઠળ પોતાનો રિપોર્ટ રવાના કરતી વખતે સંબંધિત અધિકારીને ટ્રસ્ટ રજિસ્ટર થયેલું છે કે કેમ અને કઈ શરતે રજિસ્ટર થયેલું છે જણાવવું જોઈશે. | (૫)<br>રદ કરવામાં આવે છે. |
| ૧૦ | ૯ | (૬)<br>કારોબારી સમિતિ, અરજદાર પાસેથી અરજીની વિચારણાને લગતી કોઈ માહિતી મંગાવી શકશે અને અરજદારે સત્વરે | (૬)<br>રદ કરવામાં આવે છે. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | અધિકારી મારફત જરૂરી માહિતી પૂરી પાડવી જોઈશે. | |
| ૧૧ | ૯ | (૭)<br>માધ્યમિક શાળા નીચેની જરૂરિયાતો સંતોષતી ન હોય તો બોર્ડથી તેને રજિસ્ટર કરી શકશે નહિ અથવા તેને રજિસ્ટર કર્યાનું ચાલુ રાખી શકશે નહિ - | (૭)<br>શાળા નીચેની જરૂરિયાતો સંતોષતી ન હોય તો બોર્ડથી તેને રજિસ્ટર કરી શકશે નહિ અથવા તેને રજિસ્ટર કર્યાનું ચાલુ રાખી શકશે નહિ - |
| ૧૨ | ૯ | (૭)(૧૩)<br>શાળા બોર્ડ દ્વારા સંચાલિત માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા જેવા પ્રકારની અથવા તેના કરતાં ઊંચી કોઈ પરીક્ષા માટે એકના એક વિદ્યાર્થીને તૈયાર કરતી નથી અને મોકલતી નથી. | (૭)(૧૩)<br>શાળા બોર્ડ દ્વારા સંચાલિત માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા અને ઉચ્ચતર માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા જેવા પ્રકારની અથવા તેના કરતાં ઊંચી કોઇ પરીક્ષા માટે એકના એક વિદ્યાર્થીને તૈયાર કરતી નથી અને મોકલતી નથી. |
| ૧૩ | ૯ | ૮(૧)<br>કારોબારી સમિતિને એવી ખાતરી થાય કે શાળા રજીસ્ટર કરવાને પાત્ર છે, તે પ્રસંગે સેક્રેટરીએ રાખવાની રજિસ્ટર થયેલી માધ્યમિક શાળાઓની યાદીમાં, તે શાળાનું નામ દાખલ કરવા કારોબારી સમિતિએ તેને આદેશ કરવો જોઈશે અને સેક્રેટરીએ અરજદારને ખબર આપવી જોઈશે કે શાળા રજિસ્ટર કરવામાં આવી છે અને કારોબારી સમિતિ એવો નિર્ણય કરે કે શાળા રજિસ્ટર કરવી નહી, તે પ્રસંગે, સેક્રેટરીએ અરજદારને તે નિર્ણયની જાણ કરવી જોઈશે. | (૮)(૧)<br>રદ કરવામાં આવે છે. |
| ૧૪ | ૯ | (૮)(૨)<br>કોઈ શાળાને રજિસ્ટર કરવા કે રજિસ્ટર ન કરવા અંગેની અધિકારીની ભલામણ કારોબારી સમિતિએ સ્વિકારી ન હોય, | (૮)(૨)<br>રદ કરવામાં આવે છે. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | ત્યારે તે માટેના કારણો લેખિત નોંધવાં જોઈશે. | |
| ૧૫ | ૯(૧૦)(૧) | "નોંધાયેલી માધ્યમિક શાળાના સ્થળ ફેરફાર માટે માધ્યમિક શાળાનું મકાન જો," | "નોંધાયેલી શાળાના સ્થળ ફેરફાર માટે શાળાનું મકાન જો," |
| ૧૬ | ૯(૧૦)(૧) ના ખંડ (૩) | શાળાનું મકાન હયાત હોય તેમાં માધ્યમિક શિક્ષણ વિનિયમોની જોગવાઈ અનુસાર વધુ સારા પ્રમાણમાં અદ્યતન સગવડો ધરાવતું બનાવ્યું હોય કે વધુ સારા પ્રમાણમાં સગવડો ધરાવતું મકાન ભાડે રાખ્યું હોય તો, | શાળાનું મકાન હયાત હોય તેમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમોની જોગવાઈ અનુસાર વધુ સારા પ્રમાણમાં અદ્યતન સગવડો ધરાવતું બનાવ્યું હોય કે વધુ સારા પ્રમાણમાં સગવડો ધરાવતું મકાન ભાડે રાખ્યું હોય તો, |
| ૧૭ | ૯(૧૦)(૧) ના ખંડ (૩) નો ઉપરોક્ત | ઉપરોક્ત સંજોગો ધ્યાનમાં લઈને શાળાનું નવું મકાન જો એક કિ.મી. વિસ્તારમાં આવતું હોય તો તેના સ્થળ ફેરફારની નીચે જણાવેલ શરતે મંજૂરી આપી શકાશે. | રદ કરવામાં આવે છે. |
| ૧૮ | ૯(૧૦)(૨)-અ | નોંધાયેલી બિન-સરકારી માધ્યમિક શાળાઓ કે જે ગ્રામ પંચાયત હેઠળનો ગ્રામ્ય વિસ્તાર કે ગામની વસતી (૨૦૦૧ ની વસતી ગણતરી પ્રમાણે) ૮૦૦૦ થી વધુ ન હોય અને ગામના કસ્બામાં જ શાળાના મકાન/સ્થળ ફેરફાર માટેની જોગવાઈઓ.<br>- જે તે ગામના કસ્બામાં જ ભાડાના મકાનમાંથી બીજા ભાડાના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી જિલ્લા શિક્ષણાધિકારી રહેશે.<br>- શાળા ભાડાના મકાનમાંથી શાળા મંડળના પોતાની માલિકીના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે તો તેવા | નોંધાયેલી બિન-સરકારી માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક અથવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જે ગ્રામ પંચાયત હેઠળનો ગ્રામ્ય વિસ્તાર કે ગામની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે ૮૦૦૦ થી વધુ ન હોય અને ગામના કસ્બામાં જ શાળાના મકાન/સ્થળ ફેરફાર માટેની જોગવાઈઓ.<br>- જે તે ગામના કસ્બામાં જ ભાડાના મકાનમાંથી બીજા ભાડાના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી જિલ્લા શિક્ષણાધિકારી રહેશે.<br>- શાળા ભાડાના મકાનમાંથી શાળા મંડળના પોતાની માલિકીના મકાનમાં સ્થળ ફેરફારની દરખાસ્ત કરે તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી જિલ્લા શિક્ષણાધિકારી રહેશે. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી જિલ્લા શિક્ષણાધિકારી રહેશે.<br>- શાળા મંડળના પોતાના મકાનમાંથી ભાડાના મકાનમાં સ્થળ ફેરફાર કરે તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે. | - શાળા મંડળના પોતાના મકાનમાંથી ભાડાના મકાનમાં સ્થળ ફેરફાર કરે તો તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે. |
| ૧૯ | ૯ | (૧૧)<br>માધ્યમિક શાળા, રજિસ્ટર કરવામાં આવ્યેથી, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નમૂના ૩ મુજબ આપવાનું રહેશે. | (૧૧)<br>શાળા રજિસ્ટર કરવામાં આવ્યેથી, રજિસ્ટ્રેશન પ્રમાણપત્ર નમૂના ૩ મુજબ આપવાનું રહેશે. |
| ૨૦ | ૯(૧૦)(૨)-બ | નોંધાયેલી બિન સરકારી માધ્યમિક શાળાઓ કે જે ગ્રામ પંચાયત હેઠળના ગ્રામ્ય વિસ્તાર/નગરપાલિકા વિસ્તાર/મહાનગરપાલિકા વિસ્તાર/શહેરી વિકાસ સત્તા મંડળ વગેરે કે જેની વસતી ઈ.સ.૨૦૦૧ની વસતી ગણતરી પ્રમાણે ૮૦૦૦ થી વધુ હોય તેવા વિસ્તાર માટે શાળાના મકાન/સ્થળ ફેરફાર માટેની જોગવાઈઓ.<br>- નોંધાયેલી બિનસરકારી નોન ગ્રાન્ટેડ શાળા<br>૧) એક કિ.મી. અથવા ઓછુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી જિલ્લા શિક્ષણાધિકારી રહેશે.<br>૨) બે કિ.મી. કે તેથી ઓછુ અંતર પરંતુ એક કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર રહેશે. | નોંધાયેલી બિન સરકારી માધ્યમિક અથવા ઉચ્ચતર માધ્યમિક અથવા માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ કે જે ગ્રામ પંચાયત હેઠળના ગ્રામ્ય વિસ્તાર/ નગરપાલિકા વિસ્તાર/ મહાનગરપાલિકા વિસ્તાર/ શહેરી વિકાસ સત્તા મંડળ વગેરે કે જેની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે ૮૦૦૦ થી વધુ હોય તેવા વિસ્તાર માટે શાળાના મકાન/સ્થળ ફેરફાર માટેની જોગવાઈઓ.<br>- નોંધાયેલી બિનસરકારી નોન-ગ્રાન્ટ-ઈન-એઈડ(બિન અનુદાનિત) શાળા<br>૧) એક કિ.મી. અથવા ઓછુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી જિલ્લા શિક્ષણાધિકારી રહેશે.<br>૨) બે કિ.મી. કે તેથી ઓછુ અંતર પરંતુ એક કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર રહેશે.<br>૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>- નોંધાયેલ બિન સરકારી ગ્રાન્ટ-ઈન-એઈડ (અનુદાનિત) <u>શાળા</u> |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | ૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>- નોંધાયેલ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા<br>૧) એક કિ.મી. અથવા તેથી ઓછુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર રહેશે.<br>૨) બે કિ.મી. કે તેથી ઓછુ પરંતુ એક કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરવાની સત્તા શિક્ષણ વિભાગની રહેશે.<br>- સરકારી માધ્યમિક શાળાઓ માટેના કિસ્સામાં મંજૂર કરવાની સત્તા કમિશ્નરશ્રી, શાળાઓ અને મધ્યાહન ભોજન કચેરી મારફતે શિક્ષણ વિભાગની રહેશે. | ૧) એક કિ.મી. અથવા તેથી ઓછુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર રહેશે.<br>૨) બે કિ.મી. કે તેથી ઓછુ પરંતુ એક કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરવાની સત્તા શિક્ષણ વિભાગની રહેશે.<br>- સરકારી શાળાઓ માટેના કિસ્સામાં મંજૂર કરવાની સત્તા નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે શિક્ષણ વિભાગની રહેશે. |
| ૨૧ | ૯ | (૧૩)<br>રજિસ્ટર થયેલી શાળાના સંચાલન માટે મકાનો, પ્રયોગશાળા, ગ્રંથાલય, ફર્નિચર, સાધન-સામગ્રી, સ્ટેશનરી અને બીજી ચીજવસ્તુઓ અને માધ્યમિક શાળાની સાધન-સામગ્રીના સંબંધમાં નીચે પ્રમાણે પ્રમાણભૂત જરૂરિયાતો રહેશે. | (૧૩)<br>રજિસ્ટર થયેલી શાળાના સંચાલન માટે મકાનો, પ્રયોગશાળા, ગ્રંથાલય, ફર્નિચર, સાધન-સામગ્રી, સ્ટેશનરી અને બીજી ચીજવસ્તુઓ અને શાળાની સાધન-સામગ્રીના સંબંધમાં નીચે પ્રમાણે પ્રમાણભૂત જરૂરિયાતો રહેશે. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | ૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>- નોંધાયેલ બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક શાળા<br>૧) એક કિ.મી. અથવા તેથી ઓછુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી સચિવશ્રી ગુ.મા. અને ઉ.મા.શિ. બોર્ડ, ગાંધીનગર રહેશે.<br>૨) બે કિ.મી. કે તેથી ઓછુ પરંતુ એક કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરવાની સત્તા શિક્ષણ વિભાગની રહેશે.<br>- સરકારી માધ્યમિક શાળાઓ માટેના કિસ્સામાં મંજૂર કરવાની સત્તા કમિશ્નરશ્રી, શાળાઓ અને મધ્યાહ્નન ભોજન કચેરી મારફતે શિક્ષણ વિભાગની રહેશે. | ૧) એક કિ.મી. અથવા તેથી ઓછુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તાધિકારી સચિવશ્રી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર રહેશે.<br>૨) બે કિ.મી. કે તેથી ઓછુ પરંતુ એક કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરનાર સત્તા બોર્ડની કારોબારી સમિતિની રહેશે.<br>૩) બે કિ.મી. થી વધુ અંતર હોય તેવા કિસ્સામાં મંજૂર કરવાની સત્તા શિક્ષણ વિભાગની રહેશે.<br>- સરકારી શાળાઓ માટેના કિસ્સામાં મંજૂર કરવાની સત્તા નિયામકશ્રી, શાળાઓની કચેરી મારફતે શિક્ષણ વિભાગની રહેશે. |
| ૨૧ | ૯ | (૧૩)<br>રજિસ્ટર થયેલી શાળાના સંચાલન માટે મકાનો, પ્રયોગશાળા, ગ્રંથાલય, ફર્નિચર, સાધન-સામગ્રી, સ્ટેશનરી અને બીજી ચીજવસ્તુઓ અને માધ્યમિક શાળાની સાધન-સામગ્રીના સંબંધમાં નીચે પ્રમાણે પ્રમાણભૂત જરૂરિયાતો રહેશે. | (૧૩)<br>રજિસ્ટર થયેલી શાળાના સંચાલન માટે મકાનો, પ્રયોગશાળા, ગ્રંથાલય, ફર્નિચર, સાધન-સામગ્રી, સ્ટેશનરી અને બીજી ચીજવસ્તુઓ અને શાળાની સાધન-સામગ્રીના સંબંધમાં નીચે પ્રમાણે પ્રમાણભૂત જરૂરિયાતો રહેશે. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| ૨૨ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૧)<br>જગા, પૂરતી રીતે આરોગ્યદાયક અને હવાઉજાસવાળી હોવી જોઇએ અને તેમાં વિદ્યાર્થીઓની સલામતી માટે પૂરતી જોગવાઈ હોવી જોઇશે અને સહ-શિક્ષણ આપનારી શાળાની બાબતમાં, છોકરીઓ માટે અલગ સંતોષકારક અને પૂરતી સફાઈ વ્યવસ્થા હોવી જોઇશે. | (૧૩)(૧)<br>જગા, પૂરતી રીતે આરોગ્યદાયક અને હવાઉજાસવાળી હોવી જોઇએ અને તેમાં વિદ્યાર્થીઓની સલામતી માટે પૂરતી જોગવાઈ હોવી જોઇશે અને સહ-શિક્ષણ આપનારી શાળાની બાબતમાં, છોકરીઓ માટે અલગ સંતોષકારક અને પૂરતી સફાઈ વ્યવસ્થા હોવી જોઈશે આ માટેનાં નોર્મ્સ કારોબારી સમિતિ વખતો વખત નક્કી કરે તેવા રહેશે. |
| ૨૩ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૨)<br>જે રૂમોમાં વર્ગો ચાલતા હોય તેમાં, દરેક વર્ગમાં ખરેખરાં દાખલ કરેલા બધાં વિદ્યાર્થીઓ માટે, વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફુટ કરતાં ઓછી ન હોય તેટલી અર્થાત ૪૦૦ ચોરસ ફુટ અથવા ૪૦ ચોરસ મીટર જગાની જોગવાઈ હોવી જોઇએ. આ જગામાં શિક્ષક માટેના ખુરશી, ટેબલ, ટીચીંગ પ્લેટફોર્મ, બ્લેકબોર્ડ અને શીખવવા માટે જરૂરી બીજી કોઇ સાધનસામગ્રી માટે જોઈતી જગાનો સમાવેશ થતો નથી. | (૧૩)(૨)<br>જે રૂમોમાં વર્ગો ચાલતા હોય તેમાં, દરેક વર્ગમાં ખરેખર દાખલ કરેલાં બધાં વિદ્યાર્થીઓ માટે, વિદ્યાર્થી દીઠ આઠ ચોરસ ફુટ કરતાં ઓછી ન હોય તેટલી ઓછામાં ઓછી ૪૦૦ ચોરસ ફુટ અથવા ૪૦ ચોરસ મીટર જગાની જોગવાઈ હોવી જોઈએ. આ જગામાં શિક્ષક માટેનાં ખુરશી ટેબલ, ટીચીંગ પ્લેટફોર્મ, બ્લેકબોર્ડ અને શીખવવા માટે જરૂરી બીજી કોઈ સાધનસામગ્રી માટે જોઈતી જગાનો સમાવેશ થતો નથી. |
| ૨૪ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૩)<br>વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું ધોરણના ડિવિઝનમાં પ્રવેશ આપવાનું | (૧૩)(૩)<br>વર્ગરૂમમાં જેટલા વિદ્યાર્થીઓ માટે જગાની સગવડ હોય તેટલા વિદ્યાર્થીઓ પૂરતું પ્રવેશ આપવાનું મર્યાદિત રહેશે, પરંતુ વધુમાં વધુ વિદ્યાર્થી સંખ્યા ૬૦ રહેશે.<br>વધુમાં જે વર્ગમાં ૬૦ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગા અને સાધન-સામગ્રી હોય તે વર્ગમાં સાઈઠ |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | મર્યાદિત રહેશે. પરંતુ વધુમાં વધુ ૬૦ રહેશે.<br>"પરંતુ ધોરણ-૧૦ ની બાબતમાં બોર્ડ દ્વારા લેવામાં આવેલ આખરી પરીક્ષામાં નાપાસ થયા બાદ, નોંધાયેલ શાળામાં ફરીથી જોડાનાર ૧૦ થી વધુ નહી એટલા વિદ્યાર્થીઓને અધિકારીની પરવાનગીથી ધોરણ-૧૦ ના પ્રત્યેક વર્ગ (Division) માં પ્રવેશ આપી શકશે આવા વિદ્યાર્થીઓએ, વખતોવખત નિયત કરવામાં આવે તેવી ફી ચૂકવવાની રહેશે"<br>વધુમાં જે વર્ગમાં સાઈઠ કરતાં વધારે વિદ્યાર્થીઓ માટે પૂરતી જગા અને સાધન સામગ્રી હોય તે વર્ગમાં સાઈઠ વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે ન હોય તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશની મંજુરી આપશે.<br>વધુમાં, સેક્રેટરી ખાસ સંજોગોમાં અને જરૂરી લાગે તો આ ખંડમાં નિયત કરવામાં આવેલી મર્યાદા ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા છુટ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજુરીથી નોંધાયેલી શાળાને આપી શકશે. | વિદ્યાર્થીઓ ઉપરાંત પાંચ કરતાં વધારે ન હોય તેટલા વિદ્યાર્થીઓને સંબંધિત અધિકારી, પોતાની વિવેકબુદ્ધિ અનુસાર પ્રવેશની મંજરી આપશે.<br>વધુમાં, સચિવ ખાસ સંજોગોમાં અને જરૂરી લાગે તો આ ખંડમાં નિયત કરવામાં આવેલી મર્યાદા ઉપરાંત વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા છુટ અધ્યક્ષશ્રીની પૂર્વ મંજુરીથી નોંધાયેલી શાળાને આપી શકશે. |
| ૨૫ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૪)<br>"ઉત્તર બુનિયાદી શાળાઓમાં ૪૦ વિદ્યાર્થીઓની અધિકત્તમ સંખ્યાને આધીન | (૧૩)(૩)(ક)<br>"ઉત્તર બુનિયાદી શાળાઓમાં ૪૦ વિદ્યાર્થીઓની અધિકત્તમ સંખ્યાને આધીન રહીને, વર્ગખંડની વિદ્યાર્થીઓ સમાવવાની ક્ષમતાની મર્યાદામાં હોવી જોઈએ અને વિકસિત ઉત્તર બુનિયાદી શાળામાં ધોરણ ૯ થી ૧૦ માં પ્રવેશ આપવા |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | રહીને, વર્ગખંડની વિદ્યાર્થીઓ સમાવવાની ક્ષમતાની મર્યાદામાં હોવી જોઇએ અને વિકસિત ઉત્તર બુનિયાદી શાળામાં ધોરણ ૯ થી ૧૦ માં પ્રવેશ આપવા માટેની અધિકતમ સંખ્યા ૩૫૦ વિદ્યાર્થીઓથી વધવી જોઇશે નહી." | માટેની અધિકતમ સંખ્યા ૩૫૦ વિદ્યાર્થીઓથી વધવી જોઇશે નહી." |
| ૨૬ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૫) નવી માધ્યમિક શાળાની દરખાસ્ત કરનાર સંચાલક મંડળ તેમની શાળા શહેરી વિસ્તારમાં {નગર પાલિકા, મહાનગરપાલિકા (મ્યુનિસિપલ કોર્પોરેશન), શહેરી વિકાસ સત્તામંડળ, એરીયા ડેવલપમેન્ટ ઓથોરીટી, નોટીફાઈડ એરીયા વગેરે જેવો શહેરી વિસ્તાર} શરૂ કરવા માંગતી હોય તો શાળાના મકાનના બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત-ગમતના મેદાન માટે પોતાની માલિકીની ઓછામાં ઓછી ૧૨૦૦ ચો.મી. જગા ખુલ્લી હોવી જોઇશે. જ્યારે ગ્રામ્ય વિસ્તાર (ગ્રામ પંચાયત) માટે શાળાના મકાન બાંધકામ માટે જરૂરી જમીન બાદ કરીને રમત-ગમતના મેદાન માટે ઓછામાં ઓછી ૨૦૦૦ ચો.મી. જમીન ખુલ્લી હોવી જોઇશે. રમત-ગમતના મેદાન માટેની જમીન શાળા મંડળની માલિકીની હોવી જોઇશે અને શાળાના મકાનની સાથે જ (સંલગ્ન-એક જ કેમ્પસમાં) | (૧૩)(૪)<br>(૧) ભાડેથી મેદાન લેવાની જોગવાઈ કરવામાં આવે તો મેદાનની જમીન જે તે શાળાના બિલ્ડીંગને સંલગ્ન જ હોવી જોઈએ. ભાડાપટ્ટો ૧૫ વર્ષનો હોવો જોઈએ.<br>શહેરી વિસ્તારમાં શાળા શરૂ કરવા માંગતા ટ્રસ્ટ / મંડળે શાળાના મકાનનો વિસ્તાર, પાર્કિંગ માટે છોડવી પડતી જગ્યા અને રસ્તા તેમજ માર્જીનની જમીન બાદ કર્યા બાદ, રમત ગમતનું મેદાન લઘુતમ ૮૦૦ ચો.મી. ક્ષેત્રફળનું રાખવાનું રહેશે અને ગ્રામ્ય વિસ્તાર [ગ્રામ પંચાયત વિસ્તાર] માટે શાળાના રમત ગમતનું મેદાન ૧૫૦૦ ચો.મીનું રાખવાનું રહેશે.<br>(૨) ભાડા કરાર રજીસ્ટર્ડ હોવો જોઈએ. ગામ દફતર નમુના નં.૬/ સીટી સર્વે રેકર્ડ, ૭/૧૨, ૮/અ માં જે તે મિલકતમાં ભાડા કરારની એન્ટ્રી થવી જોઈએ. જેથી ભાડે લેનાર ટ્રસ્ટનું નામ રેવન્યુ રેકર્ડમાં આવે અને એન્ટ્રીમાં પણ સ્પષ્ટ ઉલ્લેખ થાય કે ભાડા કરારની શરતોનું પાલન થયા બાદ જ ભાડે આપેલ મિલકતના હકમાં કોઈપણ ફેરફારની મંજૂરી આપવામાં આવે.<br>(૩) ચેરીટી કમિશનરશ્રીની પરવાનગી અને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરવાનગી સિવાય ભાડા કરારના સમય દરમ્યાન મેદાનનો કોઈપણ અન્ય ઉપયોગ ન થવો જોઈએ. અને ઉક્ત તમામ બાબતનો અરજદાર ટ્રસ્ટ દ્વારા રજુ થતી એફિડેવીટમાં સમાવેશ થયેલ હોવો જોઈએ. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
| --- | --- | --- | --- |
| | | હોવી જોઈશે. રમત ગમતના મેદાનના વિસ્તારમાં, રસ્તા માટે કે પાર્કીંગ માટે કે GDCR-2017ની જોગવાઈ હેઠળ છોડવી પડેલ જમીનના વિસ્તારનો સમાવેશ કરવાનો રહેશે નહીં.<br>ઉપર દર્શાવેલ રમત-ગમતના મેદાન માટેની ઓછામાં ઓછી જગા ધરાવનાર શાળા ૫૦૦ થી વધારે વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકશે નહી પરંતુ ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઈશે.<br>મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઈ મકાન બાંધકામ કરી શકશે નહિ. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઈએ.<br>શાળા મંડળ પાસે GDCR-2017ની નીતિના પેરા નંબર:-૮.૬માં પાર્કીંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કીંગ માટે જે જોગવાઈ કરેલ છે, તે મુજબનું પાર્કીંગ હોવું જોઈશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કીંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે. | (૪) ભાડા કરારની મુદત દરમ્યાન જો કોઈ ફેરફાર થાય તો તે શાળાની મંજૂરી આપો આપ રદ થયેલ ગણવામાં આવશે અને તે બાબતે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં તે બાબતનો પણ એફિડેવીટમાં સમાવેશ થવો જોઈએ.<br>(૫) કોઈ પબ્લીક લીમીટેડ કંપની કે પ્રાઈવેટ લીમીટેડ કંપની માધ્યમિક,શિક્ષણ ક્ષેત્રે CSR હેઠળ જ કામ કરવા માંગતી હોય તો તેને ભાડાપટ્ટેથી શાળાનું મકાન અને મેદાનની જમીનનો વપરાશ કરવા માટે આપવામાં આવે તો તેવી કંપનીને ખાસ કિસ્સામાં પરવાનગી આપવી.<br>(૬) મેદાન સાથેની શાળાઓમાં બનતી દુર્ઘટના પ્રસંગે બાળકોની સલામતી માટે ઝડપથી બચાવના પગલાં લઈ શકાય છે. જેથી મેદાન ન હોય તેવી કોઈપણ સ્કુલ ચલાવી શકાશે નહિં.<br>ઉપર દર્શાવેલ રમતગમતના મેદાન માટેની નિયમાનુસાર જગા ધરાવનાર શાળામાં ૫૦૦ થી વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં આવે તો ૫૦૦ થી વધારાના દરેક વિદ્યાર્થી દીઠ ૫ ચો.મી. જગા રમત ગમતના મેદાન માટે વધારાની ઉપલબ્ધ કરવી જોઈશે.<br>મેદાનની જગ્યામાં ભવિષ્યમાં કોઈ મકાન બાંધકામ કરી શકશે નહિં. મેદાન કાયમી ધોરણે ખુલ્લુ રહેવું જોઈએ.<br>શાળા મંડળ પાસે GDCR-2017 ની નીતિના પેરા નંબર-૮.૬ માં પાર્કિંગ માટે શૈક્ષણિક સંસ્થામાં જરૂરી પાર્કિંગ માટે જે જોગવાઈ કરેલ છે, તે મુજબનું પાર્કિંગ હોવું જોઈશે. ગ્રામ્ય વિસ્તારમાં પણ યોગ્ય પાર્કિંગની વ્યવસ્થા કરવાની શાળા મંડળની જવાબદારી રહેશે. |
| ૨૭ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૬) | (૧૩)(૭)<br>ઓછામાં ઓછા ત્રણ વગખંડો (મીનીમમ ૪૦૦ ચો.ફુટ) |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
| --- | --- | --- | --- |
| | | ઓછામાં ઓછા ત્રણ વગખંડો (મીનીમમ ૪૦૦ ચો.ફુટ)<br>આચાર્યખંડ, સ્ટાફરૂમ (મીનીમમ ૨૫૦ ચો.ફુટ દરે) કોમ્પ્યુટર રૂમ (૪૦૦ ચો.ફુટ)<br>લેબોરેટરી (મીનીમમ ૪૦૦ ચો.ફુટ) | આચાર્યખંડ, સ્ટાફરૂમ (મીનીમમ ૨૫૦ ચો.ફુટ દરે)<br>કોમ્પ્યુટર રૂમ (૪૦૦ ચો.ફુટ)<br>લેબોરેટરી (મીનીમમ ૪૦૦ ચો.ફુટ) |
| ૨૮ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૭)<br>આર્થિક સદ્ધરતા<br>શહેરી વિસ્તાર માટે (મીનીમમ રૂ.ત્રણ લાખ)<br>ગ્રામ્ય વિસ્તાર માટે (મીનીમમ રૂ.બે લાખ) | (૧૩)(૮)<br>આર્થિક સદ્ધરતા<br>શહેરી વિસ્તાર માટે (મીનીમમ રૂ.ત્રણ લાખ)<br>ગ્રામ્ય વિસ્તાર માટે (મીનીમમ રૂ.બે લાખ) |
| ૨૯ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૮)<br>આરોગ્ય વિષયક સુવિધા<br>કુમારો માટે ઓછામાં ઓછી બે મુતરડી<br>કન્યાઓ માટે ઓછામાં ઓછી બે મુતરડી<br>ઓછામાં ઓછા બે સંડાસ<br>પીવાના પાણીની વ્યવસ્થા માટે પાણીનો બોર અથવા પીવાના પાણીના નળની વ્યવસ્થા<br>વોટર રૂમ કે જેમાં ઓછામાં ઓછા પાંચ નળ (પીવાના પાણી માટે) | (૧૩)(૯)<br>આરોગ્ય વિષયક સુવિધા<br>કુમારો માટે ઓછામાં ઓછી બે મુતરડી<br>કન્યાઓ માટે ઓછામાં ઓછી બે મુતરડી<br>ઓછામાં ઓછા બે સંડાસ<br>પીવાના પાણીની વ્યવસ્થા માટે પાણીનો બોર અથવા પીવાના પાણીના નળની વ્યવસ્થા<br>વોટર રૂમ કે જેમાં ઓછામાં ઓછા પાંચ નળ (પીવાના પાણી માટે) |
| 30 | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૯)<br>ફાયર સેફ્ટી માટે | (૧૩)(૧૦)<br>ફાયર સેફ્ટી માટે<br>ઓછામાં ઓછા બે સીલીન્ડર (દરેક ૫ કિલો)<br>રેતી ભરેલી ઓછામાં ઓછી ત્રણ બાલ્ટી દરેક માળ પર |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
| --- | --- | --- | --- |
| | | ઓછામાં ઓછા બે સીલીન્ડર (દરેક ૫ કિલો)<br>રેતી ભરેલી ઓછામાં ઓછી ત્રણ બાલ્ટી દરેક માળ પર | |
| ૩૧ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૧૦)<br>શહેરી વિસ્તારમાં સક્ષમ સત્તાધિકારીએ મંજુર કરેલો નકશો / બી.યુ.પી. ફરજીયાત રહેશે.<br>- મકાનનો નકશો અને બી.યુ.પી. મંજુર કરવાના સ્પષ્ટ નિયમો અમલમાં ન હોય તેવા વિસ્તારમાં (ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં) શાળાનું મકાન દરેક દ્રષ્ટીએ સલામત અને સુરક્ષિત છે અને શાળાનું મકાન માળખાકિય (સ્ટ્રક્ચરલ) પાસાની દ્રષ્ટીએ સલામત છે તેની ખાતરી કરવા તે "ધ નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા" માં સમાવિષ્ટ સલામતીના ધોરણો પ્રમાણે બાંધવામાં આવેલ છે. તે અંગે નિયત નમૂનાનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર પાસેથી અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી મેળવીને તે રજૂ કરવાનું રહેશે. | (૧૩)(૧૧)<br>શહેરી વિસ્તારમાં સક્ષમ સત્તાધિકારીએ મંજુર કરેલો નકશો / બી.યુ.પી. ફરજીયાત રહેશે.<br>- મકાનનો નકશો અને બી.યુ.પી. મંજુર કરવાના સ્પષ્ટ નિયમો અમલમાં ન હોય તેવા વિસ્તારમાં (ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાં) શાળાનું મકાન દરેક દ્રષ્ટીએ સલામત અને સુરક્ષિત છે અને શાળાનું મકાન માળખાકિય (સ્ટ્રક્ચરલ) પાસાની દ્રષ્ટીએ સલામત છે તેની ખાતરી કરવા તે "ધ નેશનલ બિલ્ડીંગ કોડ ઓફ ઈન્ડીયા" માં સમાવિષ્ટ સલામતીના ધોરણો પ્રમાણે બાંધવામાં આવેલ છે. તે અંગે નિયત નમૂનાનું પ્રમાણપત્ર માન્ય સ્ટ્રક્ચરલ એન્જીનીયર પાસેથી અથવા હકુમત ધરાવતા માર્ગ અને મકાન વિભાગના એક્ઝીક્યુટીવ એન્જીનીયર પાસેથી મેળવીને તે રજૂ કરવાનું રહેશે. |
| ૩૨ | ૯ | <u>નવી માધ્યમિક શાળા શરૂ કરવા માટે આવશ્યક સુવિધાઓ</u><br>(૧૧) | (૧૩)(૧૨)<br>બોર્ડની કારોબારી સમિતિ ઠરાવે તેવી અન્ય સુવિધાઓ.<br>યોગ્ય કિસ્સામાં ગુણદોષને ધ્યાને લઈ જોગવાઈમાં કારોબારી સમિતિ છુટછાટ મૂકી શકશે. પરંતુ આ |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
| --- | --- | --- | --- |
| | | બોર્ડની કારોબારી સમિતિ ઠરાવે તેવી અન્ય સુવિધાઓ.<br>યોગ્ય કિસ્સામાં ગુણદોષને ધ્યાને લઇ જોગવાઈમાં કારોબારી સમિતિ છુટછાટ મૂકી શકશે. પરંતુ આ પ્રકારની છુટછાટ મુકતી વખતે તે માટેનાં કારણોની નોંધ કારોબારી સમિતિએ કરવાની રહેશે. | પ્રકારની છુટછાટ મુકતી વખતે તે માટેનાં કારણોની નોંધ કારોબારી સમિતિએ કરવાની રહેશે. |
| ૩૩ | ૯(૧૪) નીચેનો પરંતુક | પરંતુ કારોબારી સમિતિ, રજિસ્ટર થયેલી શાળાના ખાસ સંજોગોમાં, તેના કેસના ગુણદોષના આધારે આ વિનિયમોમાં નિર્દિષ્ટ કરેલી જરૂરિયાતો પૈકી કોઈ જરૂરિયાત હળવી કરી શકશે. | રદ કરવામાં આવે છે. |
| ૩૪ | ૯ | (૧૭)<br>નવી શાળા શરૂ કરવાનું, શકય હોય ત્યાં સુધી, તે વિસ્તારની વસતી સાથે સંબંધિત રહેશે અને દરેક ૩,૦૦૦ની વસતી દીઠ એક માધ્યમિક શાળા હોવાનું ચાલુ ધોરણ સ્વીકારી શકાશે. નવી અરજીઓનો નિર્ણય કરતી વેળા શૈક્ષણિક સર્વે ધ્યાનમાં રાખવો જોઈશે. જે વિસ્તારમાં માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી હોય તે વિસ્તારોએ બીજી શાળા શરૂ કરવા માટે ઘણાં સંગીન કારણો રજૂ કરવાં પડશે. તેમ છતાં, આ જોગવાઈ, જેમાં વસતી મોટે ભાગે આદિવાસી અથવા પછાત વર્ગની હોય તેવા દૂરના અને છૂટાં પડી ગયેલા વિસ્તારોની બાબતમાં, હળવી કરવામાં આવશે. તેમ છતાં, માધ્યમિક માટે ૫ | (૧૭)<br>રદ કરવામાં આવે છે. |

| ક્રમ | વિનિયમ ક્રમાંક | હાલની જોગવાઇ | નવી જોગવાઇ |
|---|---|---|---|
| | | (પાંચ) કિલોમીટરની મર્યાદાને સામાન્ય રીતે વળગી રહેવામાં આવશે. | |

(બી.પી.મેંદપરા)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ